# <u>આઈઆઈએમ અમદાવાદ અને રાષ્ટ્રીય મૂડીરોકાણ તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ દ્વારા ઈએસજી માટે ભારતની પ્રથમ સંશોધન ચેરની સ્થાપના</u>

*~ પ્રગતિશીલ રાષ્ટ્રીય ઈએસજી ફ્રેમવર્ક માટે વાતચીતને ઉત્તેજીત કરવાની એક એવી પહેલ જે ભારતીય કંપનીઓ અને રોકાણકારો તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે*

**3 ફેબ્રુઆરી, 2022:** અગ્રણી વૈશ્વિક પ્રબંધ સંસ્થા - ભારતીય પ્રબંધ સંસ્થા અમદાવાદ (આઈઆઈએમએ), ભારતના સાર્વભૌમ સંપત્તિ પ્રબંધક, રાષ્ટ્રીય મૂડીરોકાણ તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ (એનઆઈઆઈએફ)ના સહયોગથી ઈએસજીમાં દેશની પ્રથમ સંશોધન ચેરની સ્થાપના કરશે.

આઈઆઈએમએ ખાતે એનઆઈઆઈએફ ચેર આઈઆઈએમએના અરુણ દુગ્ગલ ઈએસજી સંશોધન તથા ઈનોવેશન કેંદ્રના સહકારથી કાર્ય કરશે. તે જ્ઞાન અને અંતર્દૃષ્ટિના કેન્દ્ર તરીકે કાર્ય કરશે જે એક માળખાના નિર્માણમાં મદદ કરશે જે વ્યવસાયો અને નીતિ નિર્માતાઓને અનુક્રમે તેમના લાંબા ગાળાના વ્યવસાય અને શાસનના નિર્ણયોમાં ઈએસજીનો સમાવેશ કરવાની સુવિધા આપે છે.

આઈઆઈએમએ ખાતે ઈએસજીમાં એનઆઈઆઈએફ ચેરની કેટલીક પ્રવૃત્તિઓમાં નીચે મુજબનો સમાવેશ થાય છે -

- વૈશ્વિક સ્તરે નિર્ણાયક, સંબંધિત ઈએસજી મુદ્દાઓ પર સંશોધન હાથ ધરવું
- લાંબા ગાળાની ઈએસજી ઓરિએન્ટેડ બિઝનેસ વ્યૂહરચના અને પ્રથાઓ બનાવવા માટે ઉદ્યોગ સાથે ભાગીદારી કરવી
- નીતિ ઘડતરમાં સરકાર)સરકારો)ના જ્ઞાન ભાગીદાર તરીકે કાર્ય કરવું
- જ્ઞાનની વહેંચણી અને નેટવર્કિંગ પ્લેટફોર્મ બનાવવા માટે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને એજન્સીઓ સાથે જોડાવું

આ નિર્ણય પર ટિપ્પણી કરીને અને ઉદ્યોગ માટે મૂળભૂત તત્વ તરીકે ઈએસજીના વધતા મહત્વને વિસ્તૃત રીતે સમજાવતાં, **પ્રોફેસર એરોલ ડીસોઝા ,ડાયરેક્ટર, આઈઆઈએમએ** એ જણાવ્યું હતું કે , અમને"એનઆઈઆઈએફ સાથે ઈએસજી માટે આ સંશોધન ચેર સ્થાપિત કરવાનો આનંદ છે . ઉદ્યોગજગત તેની કામગીરીમાં ઈએસજીને માન્ય રાખી અને સામેલ કરવાના મહત્વને વધુને વધુ

સમજવા લાગ્યું છે .આ ક્ષેત્રમાં વ્યાપક સંશોધન અને સંદર્ભની ફ્રેમ ડિઝાઇન કરવાની જરૂર છે જે ભારતીય કંપનીઓને લાંબા ગાળે તેમની બિઝનેસ વ્યૂહરચના અને નિર્ણયોમાં ઈએસજી ફંડામેન્ટલ્સને એકીકૃત કરવામાં મદદ કરી શકે .ઈએસજી માટે સંશોધન ચેર સંસ્થાના નીતિ નિર્માતાઓ ,પ્રેક્ટિશનરો અને વિદ્યાર્થીઓ માટે એક વ્યૂહાત્મક રોડમેપની રચના અને ઘડતર પર કામ કરશે જેથી આ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસમાં અંતરને દૂર કરવામાં મદદ મળે".

એનઆઈઆઈએફ માને છે કે હિસ્સેદારો તેમજ વ્યાપક સમાજ માટે નોંધપાત્ર મૂલ્યને અનલૉક કરવા માટે ફંડ મેનેજરો માટે ટકાઉ અને જવાબદાર રોકાણ સમુદાયનું નિર્માણ કરવું મહત્વપૂર્ણ છે. તે તરફ એક પગલું ભરતાં, આઈઆઈએમએ સાથે એનઆઈઆઈએફ ચેરની સ્થાપના હિતધારકોની ઇકોસિસ્ટમ બનાવવામાં મદદ કરશે અને દેશમાં ઈએસજીમાં શ્રેષ્ઠ પ્રથાઓ અપનાવવાના ભાવિને આકાર આપશે.

**સુજોય બોઝ, પ્રબંધ નિયામક અને મુખ્ય કાર્યકારી અધિકારી, એનઆઈઆઈએફએ** કહ્યું, "અમે ઈએસજીના ક્ષેત્રમાં આઈઆઈએમએની સાથેના સહકારથી ખુશ છીએ, જે કાયમી રોકાણકાર આધારશિલામાંથી એક છે. આ સહકાર અમારા રોકાણ અને પરિસંપત્તિ સંચાલન પ્રવૃત્તિઓ અને વધુ સશક્ત ભવિષ્યનું મૂળ છે. આ સહકાર એનઆઈઆઈએફ કે એક જાગરૂક જવાબદાર, રોકાણ વ્યવસાયની પારિસ્થિતિકી તંત્રનું નિર્માણ પૂર્ણ કરે છે. ઇએસજીમાં એનઆઈઆઈએફ ચેરના કામમાં રોકાણકારો, ઉદ્યોગ અને નીતિને આગળ વધારવા માટે ઇષ્ટતમ પદ્ધતિઓ વિશે સ્પષ્ટતા પ્રદાન કરવામાં મદદરૂપ થાય તેમ છે કારણ કે અમને કાયમી રોકાણકારોના પ્રતિભાવમાં મૌલિક પરિવર્તન દેખાઈ રહ્યું છે. અમને વિશ્વાસ છે કે ઉદ્યોગના આગલા લીડર ઈએસજીની શ્રેષ્ઠ પ્રથાઓ વિકસિત કરવાના મજબૂત પાયાથી ઉપસી આવશે. આઈઆઈએમએ સાથે અમારી ભાગીદારીથી મજબૂત બનીને, અમે જીવન જીવવા યોગ્ય સુરક્ષા રાખવા અને સાર્થક અસરો પેદા કરવા માટે તે પ્રમાણેની વાતચીતનું નેતૃત્વ કરવાની આશા રાખીએ છીએ."

એનઆઈઆઈએફ ચેર માટેની નિમણૂંક લાયકાતના માપદંડો અને પ્રક્રિયાની વિગતો સાથે અરજીઓને આમંત્રિત કરતી જાહેર જાહેરખબર દ્વારા કરવામાં આવશે.

આઈઆઈએમએ એ તાજેતરમાં અરુણ દુગ્ગલ ઇએસજી સંશોધન તથા નવપ્રવર્તન કેંદ્રનું ઉદ્ઘાટન કર્યું હતું ,જે ભારતીય ઉદ્યોગોને વિકાસની વ્યૂહરચના ડિઝાઇન અને અમલમાં મદદ કરવા માટે એક

ઉત્કૃષ્ટતા કેંદ્રની સ્થાપના કરવામાં આવી હતી જે સામાજિક સમૃદ્ધિ અને પર્યાવરણના ટકાઉપણું પ્રત્યે સમાન રીતે સચેત અને જવાબદાર હોય.

સંસ્થા અને એનઆઈઆઈએફ વચ્ચેના આ સહયોગને આઈઆઈએમએ એન્ડોમેન્ટ ભંડોળ (આઈઆઈએમએ ઈએફ) - સંસ્થાના એકીકૃત ભંડોળ એકત્રીકરણ અને પરોપકાર માટેની શાખા દ્વારા સુવિધા આપવામાં આવી છે જે આઈઆઈએમએ ને આપવામાં આવેલા તમામ દાનની સુવિધા આપે છે.

આઈઆઈએમએ ખાતે ઈએસજીમાં દેશની પ્રથમ શૈક્ષણિક ચેરની સ્થાપના કરવા અંગે ,**આઈઆઈએમએ ઈએફનાં સીઈઓ સુશ્રી છવિ મુદ્ગલે** જણાવ્યું હતું કે, "અમને આઈઆઈએમએ ખાતે આ પ્રક્રિયાનો ભાગ બનવાનો આનંદ છે .આઈઆઈએમએ ખાતે ઈએસજીમાં એનઆઈઆઈએફ ચેર એ ભારતીય બિઝનેસ લેન્ડસ્કેપમાં ઈએસજી જાગરૂકતા અને સભાનતાને આગળ વધારવા અને તેની સાથે દેશમાં એનઆઈઆઈએફ જેવા મહત્વના હિતધારકો સાથે નવા અને અર્થપૂર્ણ સહયોગની શોધ કરવા માટે આઈઆઈએમએના પ્રયાસો તરફનું એક પગલું છે".

**<u>આઈઆઈએમઅમદાવાદ વિશે:</u>**

ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ) એ એક અગ્રણી, વૈશ્વિક પ્રબંધ સંસ્થાન છે જે પ્રબંધ શિક્ષણમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવામાં મોખરે રહી છે. તેના અસ્તિત્વના 60 વર્ષોમાં, તે તેના વિશિષ્ટ શિક્ષણ, ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન, ભાવિ અગ્રણીઓઓને પોષવા, ઉદ્યોગ, સરકાર, સામાજિક સાહસને સમર્થન આપવા અને સમાજ પર પ્રગતિશીલ અસર બનાવીને તે દ્વારા શિષ્યવૃત્તિ, વ્યવહાર અને નીતિમાં અનુકરણીય યોગદાન માટે સર્વસ્વીકૃત છે.

આઈઆઈએમએની સ્થાપના 1961 માં સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો દ્વારા નવીન પહેલ તરીકે કરવામાં આવી હતી. ત્યારથી તેણે તેના વૈશ્વિક પદચિહ્નને મજબૂત બનાવ્યું છે અને આજે તેની પાસે 80થી વધુ ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું નેટવર્ક છે અને દુબઈમાં પણ હવે મોજૂદ છે. તેના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો અને લગભગ 40,000થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભાવશાળી હોદ્દા ધરાવે છે તેઓ પણ તેની વૈશ્વિક ઓળખમાં ફાળો આપે છે.

આટલાં વર્ષોમાં, આઈઆઈએમએ એ શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ, બજાર સંચાલિત અને સામાજિક રીતે પ્રભાવશાળી કાર્યક્રમોથી વૈશ્વિક સ્તરે ઉચ્ચ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવી છે. ઈક્વિસ તરફથી

આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય સંસ્થા બની. તેના પ્રખ્યાત બે-વર્ષીય અનુસ્નાતક પાઠ્યક્રમ (પીજીપી) એ એફટી માસ્ટર્સ ઇન મેનેજમેન્ટ રેન્કિંગ્સ 2020માં 20મું સ્થાન મેળવ્યું છે અને એક્ઝિક્યુટિવ્સ માટેના એક વર્ષના અનુસ્નાતક પાઠ્યક્રમ (પીજીપીએક્સ)ને એફટી ગ્લોબલ એમબીએ રેન્કિંગ-2021માં 48મું સ્થાન આપવામાં આવ્યું છે. આ સંસ્થાને ભારત સરકારના રાષ્ટ્રીય સંસ્થાગત રેંકિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ), ઈન્ડિયા રેન્કિંગ્સ 2020માં પણ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આઈઆઈએમએ વૈવિધ્યસભર પ્રેક્ષકો માટે વૈવિધ્યપૂર્ણ, મિશ્રિત અને ઓપન એનરોલમેન્ટ ફોર્મેટમાં કાઉન્સેલિંગ સેવાઓ અને 200થી વધુ ક્યુરેટેડ એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામ પ્રસ્તુત કરે છે. આમાં વ્યવસાય લીડરો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ, સશસ્ત્ર સેનાદળોના કર્મચારીઓ, કૃષિ-વ્યવસાય અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકોનો સમાવેશ થાય છે. આઈઆઈએમએ વિશે વધુ માહિતી માટે કૃપા કરીને આ લિંક પર ક્લિક કરો: https://www.iima.ac.in/

**એનઆઈઆઈએફ વિશે**

એનઆઈઆઈએફ વિશે રાષ્ટ્રીય મૂડીરોકાણ તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ લિમિટેડ )એનઆઈઆઈએફએલ) એ આંતરરાષ્ટ્રીય અને ભારતીય રોકાણકારો માટે એક સહયોગી રોકાણ પ્લેટફોર્મ છે ,જે ભારત સરકાર દ્વારા સંચાલિત છે .એનઆઈઆઈએફએલ તેના રોકાણકારો માટે આકર્ષક જોખમ-સમાયોજિત વળતર જનરેટ કરવાના ઉદ્દેશ્ય સાથે ભારતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ,પ્રાઇવેટ ઇક્વિટી અને અન્ય વૈવિધ્યસભર ક્ષેત્રો જેવા એસેટ વર્ગમાં રોકાણ કરે છે .એનઆઈઆઈએફએલ લાંબા ગાળા માટે વિચારે છે ,આર્થિક ચક્ર દ્વારા તેના રોકાણોને કાર્યક્ષમ રીતે સંચાલિત કરીને વળતર ઉત્પન્ન કરવામાં માને છે અને ટકાઉ રોકાણના સિદ્ધાંતો માટે પ્રતિબદ્ધ છે .એનઆઈઆઈએફ લિમિટેડ તેના ત્રણ ફંડોમાં  -માસ્ટર ફંડ, ફંડ ઓફ ફંડ્સ અને સ્ટ્રેટેજિક ઑપર્ચ્યુનિટી ફંડ, દરેક તેની અલગ રોકાણ વ્યૂહરચના સાથે 4.3 બિલિયન અમેરિકી ડૉલરથી વધુ મૂડી પ્રતિબદ્ધતાઓનું સંચાલન કરે છે. એનઆઈઆઈએફ માસ્ટર ફંડ મુખ્યત્વે ટ્રાન્સપોર્ટેશન અને એનર્જી જેવા કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ઓપરેટિંગ એસેટ્સમાં રોકાણ કરે છે . એનઆઈઆઈએફ ફંડ ઓફ ફંડ્સ ભારતના કેટલાક સૌથી ગતિશીલ ક્ષેત્રો જેમ કે ક્લાઈમેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર , મધ્યમ-આવક અને પરવડે તેવા હાઉસિંગડિજિટલ ગ્રાહક પ્લેટફોર્મ , અને અન્ય સંલગ્ન ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને શ્રેષ્ઠ-વર્ગના ભંડોળ મેનેજરો દ્વારા સંચાલિત ભંડોળમાં રોકાણ કરે છે .એનઆઈઆઈએફ સ્ટ્રેટેજિક ઓપોર્ચ્યુનિટીઝ ભંડોળનો લક્ષ્યાંક વિકસતા ક્ષેત્રોની વિશાળ શ્રેણીમાં મોટા વ્યવસાયો બનાવવાનું છે જેમાં તકો લાંબી છે પરંતુ મૂડી ટૂંકી છે .એનઆઈઆઈએફ પર વધુ માહિતી અને તાજેતરના અપડેટ્સ માટે ,કૃપા કરીને www.niifindia.in  લિંક પર ક્લિક કરો અને સત્તાવાર લિંક્ડઇન ચેનલને અનુસરો.

મીડિયા સંબંધિત કોઈપણ પ્રશ્ન માટે ,કૃપા કરીને સંપર્ક કરો:

સુશ્રી સોફિયા ક્રિસ્ટીના |gm-comm@iima.ac.in

સુશ્રી સુનિતા અરવિંદ |ઈમેઇલ :pr@iima.ac.in | +91-7069074816